પ્રાંતિજ સહિત જિલ્લામાં મહાત્મા ગાંધી સ્વચ્છતા સપ્તાહ મિશનનો આજથી પ્રારંભ

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મહાત્મા ગાંધી સ્વચ્છતા સપ્તાહ મિશનનું આજથી શરૂઆત કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ રેલી દ્વારા પ્રાંતિજ વાસીઓને સ્વચ્છતા અંગેની જાગૃતિ આપવામાં આવી હતી અને રેલીમાં જુદા જુદા સ્વચ્છતા અંગેના બેનરો સાથે સ્વચ્છતા અંગેનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

જ્યારે પ્રાંતિજ ખાતે આવેલ પ્રતિમાઓની સફાઈ કરી ફૂલહાર પહેરાવવામાં આવ્યા હતા. જ્યારે ૧ થી ૧૫ દિવસમાં પ્રાંતિજ ખાતે આવેલ વિવિધ સરકારી દવાખાના તથા એક એક વોર્ડમાં જઈ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે જ્યારે વિવિધ કચેરીઓ સહિત મંદિર મસ્જીદોની સફાઈ થશે જ્યારે ઓફિસોમાં પડેલ વેસ્ટ માલ વગેરેનો નિકાલ કરવામાં આવશે સાથે સાથે વેપારીઓને પણ સ્વચ્છકા અંગે વિવિધ રીતે સમજ આપવામાં આવી હતી. જ્યારે ભાંખરીયા, ગલેચી ભાગોળ ખાતે આવેલ વિસ્તારોમાંથી દબાણો હટાવવામાં આવશે અને પાણી સંપ સહિત સફાઈ હાથ ધરી સ્વચ્છ પ્રાંતિજ બનાવવામાં આવશે.

તાજપુર પાસે બાઈક અને સ્કોર્પીયો ગાડી વચ્ચે અકસ્માતમાં આઠ માસના બાળકનું મોત

ત્રણને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર નેશનલ હાઈવે આઠ ઉપર બાઈક અને સ્કોર્પીયો ગાડી વચ્ચે અકસ્માતમાં આઠ માસના

બાળકનું ઘટનાસ્થળે મોત થયું હતું.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના તાજપુર ચોકડી પાસે બાઈક નં. જીજે-૯-બી-૫૨૬૩ અને સ્કોર્પીયો ગાડી જીજે-૯-એજી-૩૬૦૧ વચ્ચે અકસ્માત થતાં બાઈક ઉપર દવાખાને જઈ રહેલ બબાભાઈ ગલાભાઈ રાવળ, રંજનબેન દશરથભાઈ રાવલ, જીગ્નેશભાઈ ગોવિંદભાઈ રાવળેને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી અને વધુ સારવાર અર્થે દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે આઠ માસનો બાળક ધાર્મિક દશરથભાઈ રાવળનું ઘટનાસ્થળે મોત થયું હતું. જ્યારે પ્રાંતિજ પોલીસને અકસ્માત અંગે જાણ કરતાં પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે જઈ અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નિકોલના આધેડનો રાયપુર કેનાલમાં ઝંપલાવી આપઘાત

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક રાયપુર નર્મદા કેનાલની બહારથી કેનાલ સિકયુરીટી ગાર્ડને એકટીવા બિનવારસી મળી આવ્યું હતું. જેના આધારે પોલીસને બોલાવતા પોલીસે તપાસ કરતાં અમદાવાદ નારોલ વિસ્તારના ઈન્દીરાનગર વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય ગોપાલભાઈ લક્ષ્મણભાઈ ઠાકોરનું એકટીવા હોવાનું જાણવા મળ્યું હતું. પરિવારજનોને જાણ કરતાં ગોપાલભાઈ ગુમ હોવાનું બહાર આવ્યું હતું. આજે સવારે કેનાલમાંથી ગોપાલભાઈનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. કોઈ અગમ્ય કારણોસર ગોપાલભાઈએ આપઘાત કરી લીધો હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

શબ્દાવલી - ૫૭૧૮

	૧	૨		૩		૪	૫
૬				૭	૮		
	૯			૧૦			
૧૧			૧૨				
		૧૩					૧૪
૧૫			૧૬			૧૭	
		૧૮		૧૯	૨૦		
૨૧				૨૨			

આડી ચાવી

૧. ઉત્પત્તિ, દેહધારણ (૪)
૪. પાતક (૨)
૬. મેશ, કજરા (૩)
૭. ફરસા સ્વાદવાળી વાનગી (૪)
૯. ખાટલામાં... ભરાય, પાટી (૨)
૧૦. મુગટ (૨)
૧૧. બરણી જેવા વાસણમાંથી ઘી-તેલ દૂધ કાઢવાનું પાત્ર (૨)
૧૨. ઝરણું, પ્રવાહ (૪)
૧૫. બીજીવાર લગ્ન કરતો હોય તેવો પુરુષ (૪)
૧૭. ઉણપ, ખોડ-ખાંપણ (૨)
૧૮. ટમટમીયું, ધીમા પ્રકાશની લાઇટ (૫)
૨૧. એક ખાતરનું નામ (૩)
૨૨. માંકડ (૪)

ઊભી ચાવી

૧. ઉજાસવાળી, અંધારી...(૪)
૨. વર્તન, વર્તાવ (૩)
૩. તેજ ગતિ (૪)
૪. જુગટુ રમવાની સોગઠી(૨)
૫. બાણ મારવા માટે કામઠાની જે દોરી હોય તે (૩)
૮. રાજાઇ, ઠાઠમાળ વાળુ(૪)
૧૧. કવર, કાગળની કોથળી(૫)
૧૩. પૈસા, રૂપિયા (૪)
૧૪. ગોળો, પૃથ્વીનો ગોળો(૨)
૧૬. દારૂની એક જાત (૨)
૧૭. અણુ પદાર્થ (૩)
૧૯. સો હજાર (૨)
૨૦. ચણતરમાં વપરાતું માટીનું ચોસલું (૨)

શબ્દાવલી ૫૭૧૭ના જવાબ

આડી ચાવી :- (૧) પરમીટ (૪) માકડ (૭) લઇ (૮) બદનશીબ (૯) કસબી (૧૧) શક (૧૨) માનસીક (૧૫) રડાર (૧૭) જડી (૧૮) મામા (૧૯) નયા (૨૦) ડોલચુ (૨૨) કામીની (૨૫) ડાળખી (૨૬) નામઠામ

ઊભી ચાવી :- (૧) પલકવારમા (૨) રઇસ (૩) ટબ (૪) માન (૫) કશીશ (૬) ડબકડોયા (૧૦) બીમાર (૧૩) સીજન (૧૪) કડીયાકામ (૧૬) ડમાડોળ (૨૧) લખી (૨૩) મીઠા (૨૪) નીમ

૧મે કામદાર દિવસ

ભારતનો સામ્યવાદી પક્ષ (માર્કસવાદી) એ લાલ વાવટા ફરકાવી ભારત સરકારનો વિરોધ કર્યો

મોડાસા, તા.૧

૧ મે કામદાર દિવસના રોજ આજે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં લાલ વાવટાના નેજા હેઠળ કામદારો, ખેતમજૂરો, ખેડૂતો અને આમ જનતા તેમજ એ.પી.એલ., બી.પી.એલ. કાર્ડ ધારકોનું સંમેલન મોડાસા હિરાલાલ ભુવનમાં યોજાયું હતું. તેમજ સરકાર વિરોધી સુત્રોચ્ચાર કરી મોડાસા ચાર રસ્તા પર દેખાવો યોજયા હતા.

(તસવીર : જય અમીન, મોડાસા)

કેન્દ્રની નરેન્દ્ર મોદીની આગેવાની વાળી સરકાર અમેરિકન સામ્રાજયવાદના ઈશારે આર્થિક નિતિઓનો અમલ કરે છે અને દેશની આમ જનતા, ખેડૂતો, ખેતમજૂરો કામદારો અને ગરીબો વિરોધી નિતિઓનો અમલ કરી ઉદ્યોગપતિઓને ફાયદો કરાવવા પગલા ભરી રહી છે. તેમજ લઘુત્તમ વેતનના કાયદાનો અમલ ગુજરાત સરકાર કરતી નથી. આઈ.ડી. એકટ ની જોગવાઈઓને બદલવાની કોશિશ થઈ રહી છે. મજુર વિરોધી પગલાં ભરવામાં આવી રહ્યા છે. ગરીબ માણસોને એ.પી.એલ. કાર્ડ પર ૨૫ કિલો અનાજ આપવાનો કાયદો બનાવવા છતાં તેનો અમલ કરવામાં આવતો નથી તેમજ જરૂરીયાતમંદ અને ગરીબી રેખા હેઠળ જીવનનિર્વાહ ચલાવતા બી.પી.એલ.ના અનાજનો જથ્થો અપૂરતો રાખવામાં આવે છે. અને આવી રીતે ભાજપની સરકાર ગરીબોની સરકાર નહિ પણ મૂડીવાદીઓની સરકાર હોય તેવી રીતે લોક વિરોધી પગલાં ભરી રહી છે. જેથી ગરીબોને અન્યાય થતો અટકે ખેડૂતોને નુકશાન પેટે યોગ્ય વળતર આપવામાં આવે જેવી વિવિધ માંગો સાથે આજનું આ સંમેલન નરેન્દ્ર મોદીના લોક વિરોધી પગલાનો વિરોધ કરવા માટે આયોજન કરવામાં આવ્યું છે અને આગામી સમયમાં લાલ વાવટાના નેજા હેઠળ આગામી સમયમાં ગરીબો, કામદારો, ખેડૂતોનો અવાજ બુલંદ કરી લડતના કાર્યક્રમો યોજવામાં આવશે. આ સંમેલનમાં ડી.આર. જાદવ, સી.પી.એમ. જિલ્લા મંત્રી પરસોત્તમ પરમાર અને સોમાજી તબીયાડ, લાલ વાવટા તરીકે જાણીતા બાલુસિંહ રાઠોડે ઉપસ્થિત રહી સભાને સંબોધી સરકારમાંથી ભાજપને આવનારી ચૂંટણીઓમાં ઉથલાવી પાડવા હાકલ કરી હતી.

મોડાસાના ઓઘારી તળાવમાંથી મહિલાનો મૃતદેહ મળતા ચકચાર

મોડાસા, તા. ૧

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલ સાઈબાબા મંદિરની નજીક ઓઘારી લેકમાંથી આજે ૪ વાગ્યાની આસપાસ એક અજાણી મહિલાનો મૃતદેહ તળાવના પાણીમાં તરતો મળી આવ્યો હતો. આ વાત શહેરમાં ફેલાતા ઓઘારી તળાવમાં મોડાસા શહેરના નાગરીકો ઉમટી પડ્યા હતા.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા સાંઈબાબા મંદિરની નજીક આવેલા નગરપાલિકાના બગીચામાં કામ કરનાર કર્મચારીની નજર ઓઘારી તળાવમાં પડતાં કોઈ અજાણી મહિલાનો મૃતદેહ તરતો નજરે પડતા નગરપાલિકાના કર્મચારીએ આ અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને જાણ કરતાં મોડાસા ટાઉન પી.આઈ. કે.જે. ચૌધરી તેમની ટીમ લઈને તાત્કાલિક ઓઘારીલેક તલાવ ખાતે આવી પહોચ્યા હતા. તળાવમાં તરતો અજાણી મહિલાનો

મૃતદેહ બહાર કાઢી પી.એમ. કરવા માટે મોડાસા સરકારી હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. ઓઘારી તળાવમાંથી મળી આવેલી અજાણી મહિલાએ આત્મહત્યા કરી કે કોઈએ મહિલાની હત્યા કરી પુરાવાનો નાશ કરવા મૃતદેહ ફેંકી દીધો છે, તે દિશામાં મોડાસા પોલીસે તપાસ હાથ ધરી ચક્રો ગતિમાન કર્યા છે. લીલા કલરનો પંજાબી ડ્રેસ પહેરેલી અંદાજે ૩૫ વર્ષની યુવતીના મૃતદેહની ઓળખ થઈ શકી નથી. મોડાસા પોલીસ દ્વારા યુવતિની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજમાં કરોડોના ખર્ચે બનાવાયેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફના અભાવે હાલાકી

પ્રાંતિજ, તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે નંબર આઠ પાસે કરોડોના ખર્ચે બનાવાયેલ અદ્યતન સામુહિક આરોગ્ય કેદ્રમાં સગર્ભા મહિલાઓની સારવાર માટે હાલ કોઈ ગાયનેક ડોકટર ન હોવાના કારણે ઉનાળાની બળબળતી ગરમીમાં સગર્ભા મહિલાઓ તથા ગાયનેકને લગતી સેવાઓ માટે મહિલાઓને હિંમતનગર, અમદાવાદ, ગાંધીનગર સુધી લાંબા થવું પડે છે એટલું જ નહી લાખ્ખોનાં ગાયનેક સાધનો પણ ધૂળ ખાતા પડી રહ્યા છે.

પ્રાંતિજમાં આવેલ આ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ગાયનેક વિભાગના ગાયનેક તબીબ ન હોવાના લીધે હોસ્પિટલમાં તમામ સગવડો હોવા છતાંય સગર્ભા મહિલાઓને ગાયનેકની લગતી બિમારીઓ માટે મોંઘા ખર્ચે બહાર ગામ જઈ સારવાર લેવી પડે છે. એટલું જ નહીં પણ ગરીબ-મધ્યમવર્ગની મહિલાઓ સારવારના અભાવે રસ્તામાં કણસી રહી છે તો કયાંક બસમાં કે રસ્તામાં જ ડિલેવરી થઈ જવી, બિમારીમાં બેભાન થઈ પડી જવાના બનાવો બને છે ત્યારે વરસ અગાઉ જ ખુલ્લી મુકેલ કરોડોના ખર્ચની આ હોસ્પિટલમાં યોગ્ય તબીબી સ્ટાફના અભાવે સેવાઓ આપવામાં નિષ્ફળ રહે છે ત્યારે સ્થાનિક રાજકરણીયા તથા આરોગ્ય પ્રધાન તાત્કાલિક ઘટતું કરી મહિલાઓના પ્રશ્ને યોગ્ય કરી ડોકટર તથા સ્ટાફ મુકાય એ જનહિતમાં હોવાનું લોકો જણાવે છે.

મહેસાણામાં ગુજરાત ગૌરવ દિનની ઉજવણી કરાઈ

મહેસાણા, તા. ૧

મહેસાણા જિલ્લામાં દૂધ સાગર ડેરી હોલ ખાતે ગુજરાત ગૌરવ દિન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ૧૫ દિવસીય સ્વચ્છ ભારત અભિયાન કાર્યક્રમની શરૂઆત પણ કરાઈ હતી.

ગૌરવ દિન મહોત્સવમાં આરોગ્ય મંત્રીશ્રીના હસ્તે રમતગમત ક્ષેત્રે ગોલ્ડ મેડલ મેળવનાર સુરજ પી. બારોટ, શિક્ષણ ક્ષેત્રે મહિલા સશક્તિકરણમાં નામના પ્રાપ્ત કરનાર ડૉ. રેખાબેન પટેલ, પોલીસ વિભાગમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર ભગવતીબેન, કૃષિક્ષેત્રે અંબાલાલ પટેલ, શિક્ષણ ક્ષેત્રે ભુપેન્દ્રભાઈ પંચાલનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સફાઈ કામદારને આરોગ્યની કીટ અર્પણ કરાઈ હતી. જિલ્લામાં સ્વામી વિવેકાનંદ મહિલા તેમજ યુવક મંડળોને કીટ અર્પણ કરાઈ હતી. મુખ્યમંત્રીશ્રી દ્વારા શરૂ કરાયેલ મા વાત્સલય યોજનામાં કાર્ડનું વિતરણ સ્ટેજ પરથી કરાયું હતું. ૧૦૮માં કામ કરતા કર્મચારીઓને દિનેશભાઈ અને ભગવતીપુરી ગોસ્વામીને દર્દીના ૧,૧૩,૦૦૦ પર આપી પ્રામાણિકતા દર્શાવેલ કર્મચારીઓનું સન્માન કરાયું હતું.

ગૌરવદિન મહોત્સવમાં વિવિધ સ્ટોલનું નિદર્શન પણ કરાયું હતું. જેમાં અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનની વિવિધ યોજનાકીય માહિતી, જનધન યોજનાની માહિતી, શ્રમ અને રોજગાર વિભાગ, વાસ્મો, આરોગ્ય, સામાજિક વનીકરણ, કૃષિ લાઈવલી હુડ પ્રમોશન, ડી.આર. ડી.એ. સહિતની વિવિધ માહિતી આપવામાં આવી હતી.

બાંધકામ આરંભાયુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બિલ્ડીંગના નિર્માણ પાછળ રૂપિયા ૨૫.૭૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. કુલ ૧૦૪૯૬ ચા.મી વિસ્તારમાં જાહેર સેવા આયોગનુ ભવન બાંધવામાં આવશે. ૬ માળના આ ભવનમાં પરિક્ષાર્થીઓ માટે મોટો હોલ, કામ્પ્યુટરલેબ, કેન્ટીન, બિલ્ડીંગ ફરતે કમ્પાઉન્ડ વોલ, આંતરિક રસ્તાઓ, ફૂટપાથનુ પણ કામ હાથ ધરવામાં આવશે. ૬ માળના આ બિલ્ડીંગમાં લીફટ પણ મુકવામાં આવશે. આ ઉપરોત વરસાદી પાણીને ધ્યાને લઈ રેઈન વોટર હારવેસ્ટિંગ સીસ્ટમ પણ મુકવામાં આવશે. શહેરમાં જાહેરસેવા આયોગના ભવનનું નિર્માણ કામ શરૂ થતાં આગામી દિવસોમાં પરિક્ષાલક્ષી જરૂરી કાર્યવાહી પણ અહીંથી જ થશે. જેના લીધે સંબંધિત કર્મચારીઓ તેમજ પરિક્ષાર્થીઓને પણ સરળતા રહેશે.

લગ્ન વિષયક

૩૮ વર્ષના પંજાબી - ગોયલ યુવક માટે યોગ્ય જીવનસાથી - કોઈ જ્ઞાતિબાધ નથી - દહેજ લેવાનું નથી. યુવક પંજાબમાં સ્થાયી છે.

સંપર્ક - મોબાઈલ નં. ૯૪૨૯૯ ૮૯૩૨૦

ગુજરાત ગૌરવ દિવસની તાપીમાં શાનદાર ઉજવણી

વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત જિલ્લાની મહિલાઓને લાખો રૂપિયાની સહાયનું વિતરણ

ગાંધીનગર, તા.૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આજે ગુજરાત ગૌરવ દિવસની રાજ્ય સ્તરીય ઉજવણીનો વ્યારા ખાતેથી શાનદાર પ્રારંભ કરાવતા રાજ્ય સમસ્તની મહિલા શક્તિને કૃષિ ઉત્પાદન, પશુપાલન, સનદી સેવાઓ તથા સુરક્ષા સેવાઓના માધ્યમ થકી રાજ્યના વિકાસમાં સહયોગી થવાની લાગણીસભર અપીલ કરતાં, ગુજરાતની સમૂળી સમુત્ક્રાંતિમાં

મહાનગરોથી માંડીને છેવાડાના ગામડામાં વસતી નારીઓએ આપેલા અમૂલ્ય પ્રદાનની સાફલ્યગાથા વર્ણવી હતી.

તેમણે વડાપ્રધાનના સ્વચ્છતા અભિયાનને પ્રચંડ વેગ મળી રહે તથા રાજ્યમાં સ્વચ્છતા તથા સુઘડતાનું પર્યાવરણ જળવાઈ રહે તે માટે ઘરે ઘર શૌચાલયના સંકલ્પને એક આંદોલન તરીકે ઉપાડી લેવા પણ નારીશક્તિને આહ્વાન આપ્યું હતું.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આજે તાપી જિલ્લાના વ્યારા મુકામે રાજ્ય સ્તરીય ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીનો પ્રારંભ વિરાટ મહિલા સંમેલનને પ્રેરક ઉદ્બોધન કરીને કર્યો હતો. જિલ્લા વહીવટી તંત્ર તથા સુમૂલ ડેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સંમેલનમાં ઉપસ્થિત દક્ષિણ ગુજરાતની હજજારો મહિલાઓને સંબોધન કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આપણું ગામ-રાજ્ય સંપૂર્ણ સ્વચ્છ, સ્વસ્થ રહે અને રોગવિહોણું બની રહે તે માટે ઘરે ઘર શૌચાલય બાંધવાની સરકારની નેમ પરિપૂર્ણ કરવા રાજ્ય સરકારને સહયોગ આપવા મહિલાઓએ આ આંદોલનની આગેવાની લેવી જોઈએ તેવી મારી રાજ્યની તમામ મહિલાઓને લાગણીસભર અપીલ છે.

તેમણે મહિલાઓ માટેની યોજનાઓ તેમના ઘર સુધી પહોંચે તે માટે સરકાર કોઈ કચાશ નહીં રાખે તેવી ખાતરી આપી હતી. જેમની પાસે બી.પી.એલ. કાર્ડ હોય તેવા પરિવારોને રૂા.૨ લાખની રાશિ "મા વાત્સલ્ય" યોજના હેઠળ મળતી હતી, પણ જેઓ બી.પી.એલ. ન હોય પણ જે પરિવારની વાર્ષિક આવક રૂા.૧ લાખ, ૨૦ હજાર હોય તેવા તમામ પરિવારોને રૂા.૨ લાખની રાશિનું મા વાત્સલ્ય કાર્ડ સરકાર આપી રહી છે, તેનો લાભ ઠાવવા તેમણે જરૂરતમંદોને અપીલ કરી હતી. જેના થકી મહિલાઓ ખાનગી હોસ્પિટલમાં શ્રેષ્ઠ સારવાર મેળવી શકે છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યની કોઈપણ સંપ્રદાયની મહિલા જો ભારતીય સનદી સેવાની પરીક્ષા આપવા ઈચ્છતી હોય તો સરકાર તેમને રૂા.૯૦ હજારની સહાય આપે છે. મહિલાઓ આઈ.એ.એસ., આઈ.પી.એસ. કક્ષાની અમલદારો બનીને રાષ્ટ્ર, રાજ્યની સેવા કરી શકે તે માટે સરકારે આ સ્તુત્ય નિર્ણય લીધો છે. આ ઉપરાંત પોલીસદળમાં જોડાવા ઈચ્છતી મહિલાઓ માટે રાજ્ય સરકારે ૩૩ ટકા મહિલા અનામતની જોગવાઈ કરી છે, એમ તેમણે ઉમેર્યું હતું. આ માટે દરેક જિલ્લામાં મહિલાઓને સુરક્ષાની સઘન તાલીમ આપવાનું પણ અમે શરૂ કર્યું છે. આ વર્ષે ૩ હજાર મહિલાઓ પોલીસ દળમાં જોડાઈ શકશે.

ઊંઝામાં બંધ મકાનમાંથી ૯ લાખના દાગીના અને રોકડ રકમની ચોરી

ઊંઝા, તા. ૧

ઊંઝા શહેરમાં રહેણાંક વિસ્તારોમાં આવેલ એક સોસાયટીના બંધ મકાનના અગાસીના દરવાજાનો નકૂચો તોડી અંદર પ્રવેશ કરી તિજોરી અને કબાટમાંથી રોકડ રકમ અને ચાંદીના કિંમતી દાગીના મળી કુલ નવ લાખ તેર હજારની કિંમતની મત્તાની ધોળા દિવસે ઉઠાંતરી કરી હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો છે.

વિગત એવી છે કે, ઊંઝા શહેરમાં ધરતી કોમ્પલેક્ષ પાસે કામરાજ કોલોની આવેલ છે. આ કોલોનીમાં રહેતા વેપારી ઈન્દ્રમલ માણેકચંદ કોઠારીના દિકરીનું લગ્ન હોઈ મકાન બંધ કરીને બે દિવસ પૂર્વે પોતાના વતન સિયાણા (રાજસ્થાન) ગયા હતા. ત્યારે આ બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ સૌ પ્રથમ મકાનના મેઈન દરવાજાનો નકૂચો અને તાળુ તોડી નાંખ્યું હતું. બાદ અંદર પ્રવેશી લોખંડની તિજોરી તથા કબાટો તોડીને રૂપિયા પચાસ હજારની રોકડ રકમ, સોનાની ચેઈન નંગ-૩, સોનાની બુટ્ટી, ગળામાં પહેરવાનો સોનાનો સેટ, સોનાના હાથના પંજા, સોનાનું લોકેટ, વાડી ચાંદીના કડલાં, ચાંદીની થાળી, ઝાંઝરી મળી કુલ રૂપિયા નવ લાખ તેર હજારની કિંમતની મત્તાના મુદ્દામાલની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા.

આમ ધોળા દિવસે ઘરફોડ ચોરી થતાં શહેરીજનોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે. આ અંગે વતનમાં રાજસ્થાન ગયેલ મકાન માલિકને જાણ થતાં તેઓ ઊંઝા દોડી આવ્યા હતા. અને સ્થાનિક પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ડૉગસ્કવોર્ડ અને એફ.એસ.એલ.ની મદદથી તપાસ હાથ ધરી છે. આ સમાચાર લખાય છે ત્યાં સુધી તસ્કરોનું કોઈ પગેરૂ મળ્યું નથી.

દરમિયાન તાજેતરમાં ઊંઝા શહેરમાં દારૂ જુગારના કેસોમાં બેદરકારી દાખવવા બાદ સ્થાનિક પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર, એક સબ ઈન્સ્પેક્ટર અને બે આસી. સબ ઈન્સ્પેક્ટરો મળી કુલ ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

આથી સ્થાનિક પોલીસમથકમાં અધિકારીઓની ઘટને ધ્યાનમાં લઈને મહેસાણા સી.પી.આઈ. વાઘેલાને ઈન્ચાર્જ પો.ઈ. તરીકે ચાર્જ સોંપવામાં આવેલ છે. આ અધિકારીને ચાર્જ સંભાળતાની સાથે જ આ વિસ્તારમાં ખૂન, અપહરણ, ઘરફોડ ચોરી જેવા ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી ગયેલ છે. પરિણામે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

કર્મયોગી ભવન ખાતે ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની કચેરી કાર્યરત કરાઈ

આજે ગુજરાત ગૌરવ દિવસે ગાંધીનગર ખાતે કર્મયોગી ભવન, બ્લોક નં- ૧ના પમા માળે, ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની નવીન કચેરીનું આયોગના અધ્યક્ષ શ્રી ડૉ.જસ્ટિસ જે.એન.ભટ્ટના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

અધ્યક્ષ શ્રી ડૉ.જસ્ટિસ જે. એન. ભટ્ટે ઉદ્ઘાટન નવીન કચેરીમાં નાગરિકોને ઝડપી ન્યાય અધિકાર અપાવવા નવા જોમ જુસ્સા અને નવા અભિગમથી કામ કરવું પડશે. માનવ અધિકારોનું સંરક્ષણ ભગીરથ કાર્ય છે. લોકોની પ્રત્યક્ષ સેવા કરવા માટે આ ક્ષેત્ર ખૂબ જ વિશાળ છે, જેનો આપણે સૌ સાથે મળીને હકારાત્મક અભિગમ દાખવી કાર્ય કરીએ. રાજ્ય માનવ અધિકાર આયોગના સભ્ય શ્રી એમ. એચ. શાહ, સચિવ શ્રી નલીન ઠાકર, એડિશનલ ડી. જી. પી. શ્રી તિર્થરાજ, કાયદા રજિસ્ટ્રાર શ્રી કે.જે.શેઠ આયોગના સંયુક્ત સચિવ શ્રી ડૉ. આર. જી. જોશી સહિત અધિકારી-કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

Expand your Business

Expand your business and reach your potential customers by designing website starting from Rs. 2000/-

Contact
94299 89320

Tender Notice No-9 (2015 to 2016)
Project Implementation Unit, Gandhinagar
(Health & Family Welfare Dept.)

The Project Implementation Unit P.G. Hostel, Civil Hospital Campus, Sector-12, Gandhinagar invites tender from the C.A. Firms for the Statutory audit for the financial year 2014-15 to 2015-16.

The eligibility criteria for selection, scope work, terms of references are given in the tender documents.

The tender will be issued to the C.A. firm on production of proof of below mentioned criteria and by payment of tender fees of Rs. 500/- non refundable and EMD Rs. 10,000/- by FDR/D.D. in favour of PIU Gandhinagar.

1. C.A. firm should have H.O./Branch within city of Gandhinagar
2. C.A. firm should have minimum 2 partners both of them should be FCA (as per Certificate of ICAI) as on 1-1-2015
3. C.A. firm should have minimum turnover of Rs. 15/- lacs per years.
4. C.A. firm in existence of 5 years as per certificate of ICAI

• Date up to which tender will be issued up to Date : 15-5-2015
• Date up to which tender should be return to Date : 25-5-2015 (By R.P.A.D. Only)
• Date of Opening the tender Technical bid on Date : 28-5-2015 at 17:00 Hrs.

INF/234/2015-16